# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની યાદી જણાવે છે કે માર્ચ-૨૦૧૯ માં લેવાયેલ ઉચ્ચત્તર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા, (ધોરણ-૧૨) વિજ્ઞાનપ્રવાહ સેમેસ્ટર પદ્ધતિમાં ૦૧ (એક) કે ૦૨ (બે) વિષયમાં અનુત્તિર્ણ (N.I) કે ગેરહાજર હોવાના કારણે અનુત્તિર્ણ (N.I) હોઈ તેવા ઉમેદવારો જુલાઈ (પૂરક) ૨૦૧૯ની પરીક્ષામાં ઉપસ્થિત થઈ શકશે. સેમેસ્ટર-૩ અને સેમેસ્ટર-૪ નો અભ્યાસક્રમની પરીક્ષા લેવામાં આવશે. ૨ (બે) વિષયમાં અનુત્તિર્ણ ઉમેદવારોની કોમ્પ્યુટરરાઈઝ્ડ યાદી જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીમાં E-Mail દ્વારા તા.૦૧/૦૬/૨૦૧૯ સુધીમાં મોકલવામાં આવશે. તો વિજ્ઞાનપ્રવાહ ધરાવતી શાળાઓએ પોતાની શાળાની કોમ્પ્યુટરરાઈઝ્ડ યાદી જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીમાંથી મેળવી લેવાની રહેશે. વિજ્ઞાનપ્રવાહ સેમેસ્ટર પદ્ધતિના જુલાઈ (પૂરક) પરીક્ષા-૨૦૧૯ માં ઉપસ્થિત થવા માગતા ઉમેદવારોએ નિયત ફી સાથે શાળાનો સંપર્ક કરવાનો રહેશે. શાળાઓએ ઉપસ્થિત થનાર ઉમેદવારોની સહી કોમ્પ્યુટરરાઈઝ્ડ યાદીમાં લેવાની રહેશે અને તેની નિયત પરીક્ષા ફી ચલણથી ભરવાની રહેશે. ચલણનો નમૂનો બોર્ડની વેબસાઈટ www.gseb.org પર મૂકવામાં આવેલ છે. જેની આચાર્યશ્રી, શિક્ષકશ્રી, વાલી/વિદ્યાર્થીઓએ નોંધ લેવી.

તા :- ૨૯/૦૫/૨૦૧૯, બુધવાર

સ્થળ :- ગાંધીનગર.

(મહેશ મહેતા)
નાયબ નિયામક (પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર